સાલ : ૧૪ / સિલસિલાવાર નંબર : ૧૩૩ / શુમારો : ૧ ફુલ પાના - ૧૬

MISHKAAT UL HAADI

مِشْكوةُ الهادِي

નાશિર : મરકઝે તરબીયતે મુમેનીન, અલ-વિઝારતુલ અલવીયાહ, વડોદરા. મોહર્રમુલ હરામ-સફરૂલ મુઝફ્ફર ૧૪૩૮ / ઓક્ટોબર-નવેમ્બર ૨૦૧૬

# બિશારત – વધામણી

ફખરૂદ્દોઆતિલ મુત્લકીન, નાઈબે આલે તાહા વ યાસીન, સૈયેદના અબૂ સઈદિલ ખૈર હાતિમ ઝકીયુદ્દીન સાહેબ (ત.ઉ.શ.) જે ખૈરના સરચશ્મા છે અને બરકાતની બહાર છે, આપ મુમેનીન મુખ્લેસીનને ખિતાબ કરીને ફરમાવે છે કે, "અય મુમેનીન મુશ્ફેકીન! કલેમએ તૈયેબહ મુબારકહ **"લાઈલાહા ઈલ્લલ્લાહ, મોહંમદુન રસૂલુલ્લાહ, અલીયુન વલીયુલ્લાહ, વલ-અઈમ્મતો મિન ઝુર્રીયતેહી ખોલફાઉલ્લાહ"** ને તેની માઅના જાણીને ઈખ્લાસના સાથે પઢનારાઓ, મૌ. ઈમામ હુસૈન (અ.સ.) ની શહાદતને યાદ કરીને માતમ કરનારાઓ, એમનાથી બરકતો ફૈઝ હાસિલ કરવા એમના નામ પર નાનામાં નાની ખિદમત કરનારાઓ, એમના શાહઝાદા મૌ. ઈમામ તૈયેબ (અ.સ.) ને એમના દાઈને વસીલો બનાવીને બયઅત આપનારાઓ, મોહંમદ અને આલે મોહંમદ (સ.અ.) ને સાચા દિલથી મોહબ્બત કરીને જાન-માલથી ફિદા થાવાની ઉમંગ રાખનારાઓ, એમ યકીન રાખનારાઓ કે હર ઝમાનમાં એક ઈમામ મૌજૂદ હોય છે, જે આલે હુસૈન માંથી હોય, જે કરબલાના વાકેઆની હિકમત અને હકીકત બયાન કરે, જેની દાઅવત ઈમામે મઝલૂમ તરફ હોય, જે સમઝાવે કે, હુસૈન ઈમામ હર ઝમાનના મુમેનીન વાસ્તે નજાતની કિશ્તી અને હિદાયતનો દીવો મુકી ગયા છે.

અય મારા મુખ્લિસ ભાઈઓ! મારા કલામને કાનથી બરાબર સાંભલીને દિલમાં ઉતારનારાઓ, હું ઈત્લાકની આ પાક મસ્નદ પર નસ્સે જલીથી કાઈમ થાનાર ૪૫ મો દાઈયુલ મુત્લક છું. સતરમાં ઈમામે આલે મોહંમદનો કાઈમ મકામ છું.

**અશરહ મુબારકહના અય્યામે આહોઝારીની ફુયૂઝાતે હુસૈનીયહ સાથે મુશ્ફેકીન કારેઈનને ૧૪૩૮ હિ. નું સાલે નૌ મુબારક થાય. હુઝૂરેપુરનૂર વાલિદુલ મુકેનીન (ત.ઉ.શ.), આ નવા સાલની ઈબ્તેદા સાથે મુમેનીન વાસ્તે ફલાહો બહેબૂદી અને રિઝકમાં કુશાદગીની દોઆએ ખૈર ફરમાવે છે.**

**અય હુસૈનીયો! દાઈના વુજૂદથી ઈમામના વુજૂદની દલાલત પૈશ થાય છે.** ઈમામ હુસૈન (અ.સ.) ની શહાદતે ઉઝમા ૬૧ હિ. માં વાકેઅ થઈ, પણ આજે દાઈએ હુસૈનના સબબ મુમેનીનના દિલોંમાં કરબલાનો ગમ અને અહલે બૈતની બેકસીનો સાનેહો ઝિંદા છે. ફાસિક-ફાજિર, યઝીદ પલીદને બયઅતનો ઈન્કાર કરનાર નવાસએ રસૂલ ઈમામ હુસૈન (અ.સ.), જે ખુદ બયઅતના માલિકો મુખ્તાર હતા, હક્કના બયઅત વાસ્તે જાનને ફિદા કરીને, આપની આલે અત્હરમાં બયઅતને એવો કાઈમ કરી ગયા કે, આજે હુસૈની મુમેનીન, યહાઁ દાઈએ હક્કની હઝરતમાં બયઅત અરઝ કરીને, નૂરાની બનીને, ઈલ્મો અમલને દુરૂસ્ત કરીને અન્વારના આલમને તરફ ચઢે છે.

હું મમ્લૂકો આલે મોહંમદ, ઈમામુઝ્ઝમાન (અ.સ.) નો અદના ગુલામ છું. એ ગુલામી પર ફખર પણ કરૂં છું અને ખુદાએ અઝ્ઝા વ જલ્લાનો શુક્ર પણ કરૂં છું. અઈમ્મતે હઝરતે ફાતેમીયહમાં શુક્રના સજદાત અદા કરૂં છું કે, એ તમામની નિયાબત અને કાઈમ મકામી મને નસીબ થઈ છે. દોઆતે હક્કની હઝરતે તૈયેબીયહમાં એહસાનાતના કલેમાત પઢું છું કે, એ તમામની નસ્સ મારા તરફ પહોંચી છે. ૪૪ માં દાઈએ પુરનૂર બાવાજી સાહેબ સૈયેદના તૈયેબ ઝિયાઉદ્દીન સાહેબ (આ.કુ.) નો હું શુક્રગુઝાર છું કે, જે દાઈએ મારો બયઅત લીધો, મને તાઅલીમથી નવાઝો, તરબીયત કરીને ઈમામુઝ્ઝમાન (અ.સ.) ની ખિદમત વાસ્તે તૈયાર કીધો, આપની હાઝરીમાં જ મોહર્રમુલ હરામમાં ખિદમતે હુસૈનીયહ (બકીયાહ પેજ નં. ૨ પર)

**મુમેનીન વાસ્તે માતમે હુસૈન (અ.સ.) બરકતનો સરચશ્મો છે.**

(પેજ નં. ૧ નું બાકી)
બજા લાવવાનો અમર આજથી ૩૦ સાલ પહેલા કીધો. આ જ બરકાતે હુસૈનીયહના સિલામાં બાવાજી સાહેબે આ ગુલામને આલે મોહંમદ (સ.અ.) ના દોઆતે મુત્લકીનની તસ્બીહનો એક દાનો બનાવીને સિલસિલએ દોઆતમાં શામિલ કીધો. આ ખિદમતે જલીલહ અઝલીયહ પર અલ્લાહ સુબ્હાનહૂનો હર લહેઝા અને હર પલ શુક્ર કરૂં છું અને **શુક્રની તરફ તમને દાઅવત કરૂં છું. આ તે શુક્ર છે કે, જેના સબબથી નેઅમતોંમાં વધારો થાતો રહે છે.**

અય અઝીઝો! તમેં હુસૈનીયો છો, તમેં માતમદારોં છો, તમેં તમારા જમણા હાથને "**યા હુસૈન**" ની નિદા સાથે સીના પર મારનાર છો. આ માતમ તમને શિફા આપશે. આ માતમ તમારી મૌતને આસાન કરશે, તેની બરકતથી રોઝીના દરવાઝા ખુદા ખોલી આપશે. મોહર્રમુલ હરામના અશરહ મુબારકહમાં હુસૈની કિશ્તી ચાલે છે. તે કિશ્તીનું નામ નજાત છે. કિશ્તીમાં સવાર થાવા દાઅવત દેનાર હુસૈની દાઈ છે. યઝીદી લશ્કર દુનિયાની ગુમ્રાહીનો દરિયો છે. જેમાં હુસૈની કિશ્તી છે. હર ઝમાનામાં આ કિશ્તી ચાલતી આવેલી છે. હર દાઈએ હુસૈને, ઈમામ પર રોનાર મુમેનીનને આ કિશ્તી પર સવાર થાવાની દાઅવત આપી, પુકાર કીધી. ગુમ્રાહીના આ નાપાક દરિયાના તૂફાનથી બચવા મુમેનીનને પોતાની આઁખોં માંથી હુસૈન ઈમામના ગમમાં રોઈને આઁસૂના પાક ખારા ટીપાઓનું સૈલાન જારી કરવું પડે કે, **જે આંસૂઓના નાના કતરા મુમેનીનને દરિયાની ભયાનક મૌજોથી ઉગારીને બચાવી શકે.** આજે હર જગા ગુમ્રાહી છે. ઝિંદગીના હર મોડ પર યઝીદ નાપાકની સીરતના લોગો ઉમ્દા લિબાસ પહેરીને મુમેનીનને ગિરફતમાં લેવા ભરેલા પડેલા છે.

અય પ્યારા હુસૈનીયો! આ દાઈએ હુસૈન તમને દાઅવત કરે છે, તમને તે કિશ્તીએ હુસૈન પર સવાર થાવા બોલાવે છે. આ કિશ્તી જ્યાં ચાલનારી છે તે નૂરાની મજલિસમાં આવવા તમને ઈઝન આપે છે.

❋ કઈ મજલિસ કે જેમાં તમામ રૂહાની હસ્તીઓની મુલાકાત થાય.
❋ કઈ મજલિસ કે જેમાં જન્નતની સબીલ નુમાયા થાય.
❋ કઈ મજલિસ કે જેમાં ફક્ત તમેં નહીં પણ આસ્માનો ઝમીનની તમામ મખ્લૂકાત હુસૈન ઈમામની શહાદત પર આહો બુકા કરે.
❋ કઈ મજલિસ કે જેમાં માઁ ફાતેમા ઝહરા (અ.સ.) પોતાનું દામન પસારીને બેસા હોય અને તમારા આંસુઓના કતરાને એક શીશીમાં સાચવે અને જેના સવાબના ઝામિન ખુદ થાય.
❋ કઈ મજલિસ કે જેમાં ફરિશ્તાઓ પોતાની નૂરાની ચાદરને હુસૈનીયોના સર પર ફેલાવી દે.
❋ કઈ મજલિસ કે જેમાં આંસૂઓના બદલામાં જન્નત ખરીદાય.
❋ કઈ મજલિસ કે જેમાં ઈન્સાની કાલિબમાં હુસૈનીયો ફરિશ્તા સૂરત દેખાય.
❋ કઈ મજલિસ કે જેમાં હુસૈની દાઈ અહલુલ બૈત (અ.સ.) ના ઊલૂમના ખઝાના ખોલી દે અને જેમાંથી હુસૈની મુમિન બેશબહા લાકીમત નસીહતના મોતીઓ પોતાના દામનમાં ભરી લે.
❋ કઈ મજલિસ કે જેમાં હુસૈનીઓની મોહબ્બતના સબબ મૌ. ઈમામ હુસૈન (અ.સ.) શોહદાએ કરબલા સાથે એક સકીનું લઈને નાઝિલ થાય કે જેમાં શફાઅતની સનદ લખેલી હોય.
❋ વાહ રે તે મુમિનના ઈકબાલ! જે આ પંજતની મજલિસમાં તશરીફ લાવો.
❋ વાહ રે તે મુમિનના ઈકબાલ! જેએ દાઈએ હુસૈન સામે બેસીને માતમે હુસૈન બરપા કીધું.
❋ વાહ રે તે મુમિનના ઈકબાલ! જે દુનિયાની રાહત મુકીને ગમે હુસૈનમાં રોવા આવો. રોઈને એવી ઉમ્મીદ રાખી કે આખેરતમાં રાહત મિલે.

આવો, આવો, અય મારા હુસૈનીયો, આ તરહની મજલિસ તમને કહાઁ મિલશે. ચંદ કલાકની મહેનતના એવઝમાં તમને જન્નતની જાગીર કહાઁ મિલશે. તમારા ઈમામના ગમને ખુદનો ગમ માનીને તમને નેહરે કૌસર પર મૌ. ફાતેમા (અ.સ.) ની ખુશી કહાઁથી મિલશે. **આ દાઈના કૌલને તમેં લબ્બૈક કહીને હુસૈન ઈમામને ખુશ કરી દો.**
(બકીયાહ પેજ નં. ૩ પર)

**માતમના સબબ જન્નતમાં દાખિલ થવાય છે.**

(પેજ નં. ૨ નું બાકી)

અય ફરઝંદાને તૌહીદ! ખુદાની તૌહીદ અને હક્કના દીનનો શું કરિશ્મો છે કે, દુનિયાના મઝહબોંના લોગો પોતાનું નવું સાલ કેવી શાનો શૌકત સાથે મનાવે છે, પણ અપનું સાલે નૌ એવી કૈફીયતથી શુરૂ થાય છે કે, ગમ અને આહો બુકા શામિલ છે. જે બચ્ચું દુનિયામાં આવતી વક્ત રોતું નથી તે સેહતમંદ ગિનાતું નથી. તેમ જે શખ્સ નવા સાલના પહેલા દસ અય્યામ, આશૂરા તક આહોઝારીમાં ખુદને મશ્ગૂલ નથી કરતો **ત્યાં તક એનું ઈમાન સેહતમંદ થાતું નથી.** આ ગમ અને માતમ, ઉલ્ફતે અહલુલ બૈત (અ.સ.) સાથે તઅલ્લુક રાખે છે. જેનો અહલુલ બૈત સાથે તઅલ્લુક પુખ્તા હોય, ઉલ્ફત પાકી હોય, એ જ આઁખોંમાં નમી લાવી શકે, કરબલાની મઝલૂમીને યાદ કરીને આહોઝારી કરી શકે.

અય મોહિબ્બો! તમેં શીઆ છો. તમેં બીજા કરતા સીરતમાં, સૂરતમાં, ઝીનતમાં, ફિતરતમાં આઅલા છો. તમેં દુનિયાના ઈમ્તેહાનમાં નાકામિયાબ થઈને ગમમાં ન પડો, મગર હુસૈન ઈમામના ગમને ગલે લગાવી લો કે કામિયાબી તમને ગલે લગાવી લે. દુનિયામાં નહીં આખેરતમાં તમારા નફ્સોંના ઝર્રાઓ લોખંડના કણ મુજબ છે અને ઈમામે હક્ક રૂહાની મગ્નાતીસ-મેગ્નેટ છે. મૌ. ઈમામ હુસૈન (અ.સ.) પણ આ જ તરહના ખમીરા છે. મગ્નાતીસી કશિશથી આપ આપની તરફ આપના શીઆ મોહિબ્બોંને ખેંચે છે. તે જ ખેંચાઈને આવે છે જેના દિલ પાકો સાફ હોય છે. હું તે રૂહાની મગ્નાતીસ તરફ તમને દાઅવત દઉં છું. ઈમામ હુસૈન (અ.સ.) ની મોહબ્બતના સબબ તમેં એમના દાઈની મજલિસમાં ખેંચાઈને આવો છો. **કોઈ બીજા સબબથી નહીં પણ તમારા હુસૈનના સબબથી આવો છો.** આ દાઈની નિદાને જવાબ દઈને તમેં સઘલા કસીર તાઅદાદમાં આ મસ્જિદે નૂરાનીમાં લિબાસે અન્વરમાં હાઝિર થાવ છો.

અય હકીકી મુમેનીન, તમારા દુનિયામાં આવવાના મકસદને હલકો ન ગિનો. આ દુનિયામાં મુમિનનું આવવું એક અમરે અઝીમ વાસ્તે છે. એના ખાતિર જ ખુદાના આ દાઈ તમને હર લેહાઝથી સંવારે છે, સીંચે છે, ઝીનત અતા કરે છે. મોહર્રમુલ હરામની મજલિસ મુમિનના અમરે અઝીમને પૂરો કરે છે. હુસૈન ઈમામ આ અમરે અઝીમની ઈબ્તેદા પણ છે અને ઈન્તેહા પણ. **મુમિન હોવું અને કોઈને મુમિન જેવી તરબીયત કરવી એક અમરે અઝીમ છે.** વાલેદૈનમાં જો મુમિનપણાનું જૌહર હોય તો એની ઔલાદમાં પણ તે જૌહર ચમકવું જોઈએ. મુમિન પોતાની ઝાતને મુમિન તે જ વક્ત કહી શકે જે વક્ત એ કોઈ બીજાને એના જેવો મુમિન બનાવે. આ અમરે અઝીમ વાસ્તે ૨ જી તારીખથી ૧૦ મી યૌમે આશૂરા તકની દરસગાહે હુસૈની આઅલામાં આઅલા નુસ્ખો છે.

અય મુમેનીન, ખુદાતઆલાએ હમારા ઝરીએ તમારા વાસ્તે ખૈર જ ખૈર ચાહ્યું છે. તમારી તરબીયત ઈમાનના દાએરામાં નૂરના સાંચાથી કરેલી છે. તમારા દિલ પર નૂરની કલમથી કુદસી નક્શ કરેલા છે. જહાનના તમામ લોગોના દરમિયાન તમારા વાસ્તે એક ઈમ્તિયાઝી શાન છે. આ ગુલામે ઈમામુઝઝમાન (અ.સ.) તમને તે ખૈરની તરફ દાઅવત કરે છે કે જે ખૈરની જઝા ઉકબાના ઘરમાં છે. માતમે હુસૈનના સબબ ખુદાતઆલા તમને દુનિયા અને આખેરતમાં હસનત અતા કરજો. કેવી હસનત કે, હર માતમદારને ખુદા ઈમામી હયકલ અને ઈમામની નૂરાની શિકલમાં સમાવી લે. મજલિસે હુસૈનમાં શરીક થાનાર હર મરદ, બૈરો, નૌનિહાલને વાસ્તે ખુદા આ મમ્લૂકે આલે મોહંમદ (સ.અ.) ની દોઆને કુબૂલ ફરમાવે અને તેના અસરાતને ઝાહિર કરે. આમીન." ✫

## સમંદર રખ દિયા

**મોતીયોં કી આબરૂ, હીરોં કી કીમત ગિર ગઈ, એક આંસૂ હમને જબ ઈનકે બરાબર રખ દિયા.**

**દેખકર અલ્લાહ ને સૈદાનીયોં કો બેરિદા, ચાદરે તત્હીર કા સાયા સરોં પર રખ દિયા.**

**અપને લિખ્ખે કો જો કિસ્મત સે મિટાને કે લિયે, હુર ને શેહ કે પાઁવ પર અપના મુકદ્દર રખ દિયા.**

**તિશ્નાલબ ઈસ્લામને માંગી થી એક પાની કી બુંદ, સામને શબ્બીર ને ખૂં કા સમંદર રખ દિયા.**

**સીનએ ઈસ્લામ મેં શબ્બીર ને હક્ક કી કસમ, અપના દિલ અપના લહૂ અપના ભરા ઘર રખ દિયા.** ✫

**માતમના સબબ દાઅવતે હુસૈનીયહ સમઝમાં આવે છે.**

## લફઝી કશ-મ-કશ

**✹ ઉભી તરકીબ :**

૧) અપને અલવી બોહરામાં મીઠી ઝબાનને ઈસ્તેમાલ કરવી અને બીજાના દિલને જીતવા તે એક ખાસીયત અને ______ છે. (૨)

૨) સૈ. ઝિયાઉદ્દીન સાહેબ (આ.કુ.) ૧૧૧૦ હિ. માં અહમદાબાદથી વડોદરા હિજરત કિધા બાદ યહાઁ પર જ ______ રહ્યા. (૩)

૩) કરબલાના મૈદાનમાં પ્યાસા બચ્ચાંઓની પાનીની ______ સદા આવતી હતી. (૩)

૭) કરઝ, દૈન. (૨)

**✹ આડી તરકીબ :**

૨) "ઈન્ના ફતહના" ની આયતમાં આખિરમાં ______ આવે છે.(૩)

૪) કરબલામાં જેહાદ કરનાર-ગાઝી અને પાની પિવડાવનાર - ______ તે મૌ. અબ્બાસ અલમદારનો કિરદાર હતો.(૨)

૫) કુરઆને કરીમમાં લંબીમાં લંબી સૂરત, સૂરતુલ બકરહ છે. "બકરહ" ને ગુજરાતીમાં ______ કહે છે. (૨)

૬) સાહેબે હક્કની ______ કરવામાં હક્કતઆલાની સિફતો સના છુપાયેલી છે. (૩)

| | | | | |
|---|---|---|---|---|
| | | ૧ | | |
| | ૨ | | ૩ | |
| ૪ | | X | ૫ | |
| | ૬ | ૭ | | |
| | | | | |

**ગયા શુમારાના લફઝી કશ-મ-કશનો ખુલાસો :-**

| | | | | |
|---|---|---|---|---|
| | | ભ | | |
| | હ | લા | ક | |
| તૈ | શ | X | મ | ઝા |
| | મ | ક | ર | |
| | | જ | | |

**નોંધ :** કારેઈનને ઈલ્તેમાસ છે કે, લફઝી કશ-મ-કશ ના જવાબો લખી હમારા એડ્રેસ પર સફરૂલ મુઝફ્ફર મહીનાની ૧૦ તારીખ પહેલા પોતાના મોબાઈલ નંબર સાથે મોકલી આપે. સહી જવાબ આપનાર મુમેનીનનો ડ્રો કરવામાં આવશે અને જે નસીબદાર ભાઈનું નામ ખુલશે તેનું નામ ઝાહિર કરવામાં આવશે. ✫

## અલ્લાહ અને અલ્લાહના રસૂલની મોહબ્બત

ઈમામ મોહંમદુલ બાકિર (અ.સ.) બયાન ફરમાવે છે કે, રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના નઝદીક ચંદ કૈદીઓને લાવવામાં આવા કે, જેઓને સઝા ફટકારવામાં આવી હતી. આપને હુકમ કીધો કે, "ફલાઁ-ફલાઁ શખ્સને કત્લ કરવામાં આવે મગર તેમાંથી એકને છોડી મુકવામાં આવે."

તમામ હાઝેરીન તઅજ્જુબમાં પડી ગયા. નબી સાહેબથી કોઈ અરઝ કરે તે પહેલા છોડી દેવામાં આવેલો તે ગુનાહગાર ઊભો થયો અને કહેવા લાગો કે, અય નબીયલ્લાહ! આપે મને આ તમામ મુજરિમો માંથી અલગ પાડીને છોડી કેમ દીધો? આપે ફરમાવું કે, જે વક્ત આ તમામને મેં કત્લનો હુકમ કરતો હતો તે વક્ત જિબ્રઈલ અમીન મારા ઉપર નાઝિલ થયા અને મને ખબર આપી કે, અલ્લાહ અને અલ્લાહના રસૂલોંને તારી પાઁચ ખસલતો ખૂબ પસંદ છે. આ ખસલતોના સબબ અલ્લાહતઆલાએ તુંને મુઆફ કરી દીધો છે. નબી સાહેબે પછી પાઁચ ખસલતો ગિનાવી.

૧) તારા દિલમાં તારા બૈરો વાસ્તે ખૂબ મોહબ્બત, ઈઝઝત અને ઈખ્લાસ છે.

૨) તું મોહતાજ-ફકીર દરમિયાન ખૂબ સખાવત કરે છે.

૩) તુંએ હાલાતનો શિકાર થઈને ગુનાહ કીધેલો છે, મગર તારા અખ્લાક બીજા કરતા ખૂબ બહેતર છે.

૪) તું ઝબાનનો સાચો અને વાઅદાનો પાકો છે.

૫) તું બુઝદિલીથી નહીં પણ શૈરદિલી-શુજાઅતથી કામ લે છે.

જે વક્ત નબી સાહેબની ઝબાનથી તે શખ્સે આ કલામ સાંભલા તો આપના હાથ પર કલેમો પઢો, ઈસ્લામથી મુશર્રફ થયો અને નબી સાહેબની ખિદમત પર પૂરી ઝિંદગી વકફ કરી દીધી. યહાઁ તક કે, એક જંગમાં આપના સાથે ગયો અને કુફ્ફાર સાથે શદીદ જેહાદ કીધી અને જેહાદના દૌરાન જ શહીદ થઈ ગયો. ✫

**માતમ અને આહોઝારી, આઁખોંને નારે જહન્નમથી આઝાદ કરે છે.**

# હિકાયત

એક દિન મૌલાના મૂસા કલીમુલ્લાહ (અ.સ.) એ બારગાહે ઈલાહીમાં અરઝ ગુઝારી કે, અય પરવરદિગારે આલમ! તું મને દરિયાની અજાઈબાત-ગરાઈબાત માંથી કોઈ એક એવી અજીબો ગરીબ ચીઝ બતાવ કે, જે વઅઝ અને નસીહત કરવા વાસ્તે કારગર અને તારી કુદરત વાસ્તે હુજ્જત સાબિત થાય. હુકમે રબ્બાની થયો કે, અય મૂસા! "તમેં દરિયાએ નીલના કિનારા પર જાઓ અને ત્યાં તમારી અસા-લાકડીથી મારૂં નામ લઈને તેના પાની ઉપર મારજો. તમેં જોશો કે, મારી કુદરતનો નઝારો કેવો હોય છે અને મારી શાનનો મંઝર કેવો અજીબો ગરીબ હોય છે."

હુકમે રબ્બાની મુજબ મૌ. મૂસા કલીમુલ્લાહ (અ.સ.) એ અમલ કીધો અને આપે જોયું કે, અસા મારવાથી દરિયાનું પાની એકદમ જ સુકાઈ ગયું અને એક મોટું જંગલ દેખાયું. આપ તે જંગલમાં દાખિલ થયા. વહેશી જાનવરોંની ડરાવની પુકાર અને દરખ્તોં સિવાય બીજું કઈ જ નઝર ન આવે. થોડા વક્ત બાદ એક વહેશતનાક જગા પર મકાન દેખાયું. મૌ. મૂસા તેમાં દાખિલ થયા તો આપ જોઈ છે કે, મકાન દરાઝ ને દરાઝ થાતું જાય છે અને એક કમ્રા બાદ બીજો કમ્રો આવતો જાય છે. **આખિરમાં આપની નઝર એક મહેરાબ પર પડી કે જેમાં એક શખ્સ બેસો હતો.** આપે ખૂબ ઈન્તેઝાર કીધો કે તે પોતાની ઈબાદતને પૂરી કરે પણ આપે પાયું કે, તે હક્કતઆલાની ઈબાદતમાં બેહદ મશગૂલ છે.

આપને તે શખ્સના હાલાત અજીબ લાગા. તેના હાથ ખભ્ભાથી અને પગ ઘુંટણથી જુદા છે. આ સિવાય તે આઁખોંથી પણ માઅઝૂર છે. તે ઈબાદતથી ફારિગ થયો કે, મૌ. મૂસાએ ખૈરો બરકત સાથે તેના ઉપર સલામ પઢો. સલામ વાલતા તે શખ્સે પૂછું કે, આપ કોણ છો? મૌ. મૂસાએ ફરમાવું કે, "હું ખુદાનો બંદો અને નબી, મૂસા બિન ઈમરાન છું." આ સાંભલીને તેના ચહેરા પર તાઅઝીમો તકરીમના અસર નુમાયા થયા અને મુઆફી માંગીને કહેવા લાગો કે, અય ખુદાના પ્યારા બંદા અને રહીમ નબી! મારે પગ નથી કે હું આપની તાઅઝીમ કરવા ઊભો થાઉં. મારે હાથ નથી કે આપના દસ્તે મુબારકને ચુમું. આંખો નથી કે આપના ચહેરા મુબારકનો દીદાર કરૂં. વાસ્તે આપ મને મુઆફ કરશો.

મૌ. મૂસાએ પૂછું કે, અય ઈબાદતગુઝાર! તમારી ઉંમર કેટલી છે? તેએ જવાબ આપો કે, એ તો મને ખબર નથી. **પણ ખૌફે ખુદાના સબબ રોતા રોતા મારી આઁખનું નૂર ચાલું ગયું છે.** જંગલ બયાબાન દરમિયાન આ મકાનમાં એ હદ તક નમાઝોં પઢી ચુકો છું કે, મારા પગ ઘુંટણથી જુદા થઈ ગયા. એટલા બધા લંબા વક્ત તક દોઆ વાસ્તે હાથ ઉંચા કીધા છે કે, મારા હાથ ખભ્ભાથી જુદા થઈ ગયા. મૌ. મૂસા ખૂબ તઅજ્જુબમાં પડી ગયા. આપે કહ્યું કે, અજબ તમારો હાલ છે. મને તમારા વાસ્તે હસરત અને હૈરાની પૈદા થયા છે. આ હાલતમાં ઝિંદા રહેવા વાસ્તે તમેં ખુદાની રોઝી કઈ તરહ હાસિલ કરો છો? તે શખ્સ બોલો કે, અય નબી મૂસા! તમને થોડો ઈન્તેઝાર કરવો પડશે.

જે વક્ત ઝોહરનો વક્ત થયો અને તે શખ્સ ઈબાદતથી ફારિગ થયો તો એક આવાઝ પૈદા થયો, ઝમીન ફાટવા લાગી અને તેમાંથી દાડમનું એક દરખ્ત નમૂદાર થયું અને આહિસ્તા-આહિસ્તા તેની ડાલીઓ પર તાઝા-તાઝા દાડમના ફલ ઉગવા લાગા. બીજી તરફથી રંગ-બે-રંગી ખૂબસૂરત મુરઘો ઉડીને આવો. જે દાડમ દરખ્ત પર લટકતા હતા તેને એક એક કરીને તોડીને તેમાંથી એક-એક દાણો તે શખ્સને જમાડી દીધો. **આના બાદ તે મુરઘો અને દાડમનું દરખ્ત બેવે ગાઈબ થઈ ગયા.**

આ પછી આબિદે અરઝ કરી કે, આ મુજબ મને હમેશા ત્રણ વક્ત રોઝી મિલે છે. હું હર વક્ત ખુદાની બારગાહમાં શુક્રના કલેમાત અદા કરૂં છું. હું મુત્મઈન છું કે, મને મારી ઈબાદતનો બદલો મિલી જાય છે. આ સાથે તે શખ્સ મુખ્લેસાના અરઝ કરવા લાગો કે, અય નબીયલ્લાહ! આપ મારા તરફથી દરગાહે ઈલાહીમાં ઈલ્તેજા કરો અને પૂછો કે, શું હું જન્નતી છું કે જહન્નમી? મૌ. મૂસાએ જે વક્ત આ સવાલ પૈશ કીધો તો દરબારે ઈલાહી માંથી વહ્ય નાઝિલ થઈ કે, **આ શખ્સ હરગિઝ જન્નતી નથી.** અય નબી! તમેં એને કહી દો કે, એનો સબબ એ છે કે, ખુદાની કુદરતથી તું ત્રણ વક્ત એક મુરઘાના ઝરીએ રોઝી હાસિલ કરે છે. પણ તુંએ એક વાર પણ મુરઘાને એમ નથી કહ્યું કે, તું જેમ મને જમાડે છે તેમ તું પણ દાડમના થોડા દાણા ખાઈ લે. મુરઘો હર વક્ત તારી ખિદમતમાં આવે છે તો પણ તુંને ઝરા તેનો ખયાલ નથી.

(બકીયાહ પેજ નં. ૭૫૨)

**માતમ, નમાઝની પાબંદીની યાદ અપાવે છે.**

# લિસાનુદ્દાઅવતિલ અલવીયહ (ગુજરાતી ખાલિસ ઝબાનમાં)

અલવી બોહરા જમાઅત શાંતિપ્રિય, વતનપરસ્ત, વેપારી અને તાઅલીમ યાફતા કોમ્યૂનિટી છે, જે ઈસ્લામના શીઆ-ઈસ્માઈલી પંથમાં માને છે. ઈસ્લામના આખિરી પયગમ્બર મોહંમદ મુસ્તફાના પછી તેમની આલ-ઔલાદ માંથી ૧૮ માં ફાતેમી ઈમામ અલ-મુસ્તનસિર બિલ્લાહ (૪૮૭ હિ. / ૧૦૯૪ ઈ.સ.) માં મિસિર-ઈજિપ્તમાં ફાતેમી ગાદી પર બિરાજમાન હતા. તેમના ઝમાનામાં તેમના ફરમાનથી મૌલાઈ અહમદ ધર્મના પ્રચાર તથા વેપાર વાસ્તે ગુજરાતના કાંઠે (ખંભાત) પધારા. ત્યારે સિદ્ધરાજ જયસિંહનું રાજ હતું અને ગુજરાતમાં ઈસ્માઈલી કૌમના લોકો વસવાટ કરતા હતા પણ ખૂબ જ ઓછી સંખ્યામાં હતા. આ ફાતેમી ઈમામોના પ્રતિનિધિઓ યમનમાં પણ હતા. મૌલાઈ અહમદ પછી જે જે ઈસ્માઈલી પ્રચારકો ઈજિપ્તથી કે યમનથી ગુજરાત આવા તેમની મૂળ અને મુખ્ય બોલી એરેબીક હતી. તેથી ધર્મના પ્રચાર માટે તેઓએ ગુજરાતમાં રહેતા ઈસ્માઈલી લોકોનો સહારો લઈને તે સમયે બોલાતી ગુજરાતની લોકલ-મકામી ઝબાન શીખી લીધી. આવું પણ બન્યું કે ધાર્મિક જ્ઞાન મેળવવા ઘણા બાધા લોકો ગુજરાત માંથી હિજરત કરીને દાઈ સાહેબ (ઈમામના પ્રતિનિધિ) પાસે યમનમાં જવા લાગ્યા. આ મુજબ ૧૦ મી સદી હિજરી / ૧૬ મી સદી ઈ.સ. માં બન્યું.

૨૧ માં ઈમામ અત્તૈયેબના ૫૨૮ હિ. માં મિસિરથી પડદે થયા પછી યમનમાં તેમના નાઈબ જેને દાઈ કહે છે, તેમને આત્મીયતા અને પવિત્રતા માટે ધાર્મિક મિશન જેને દાઅવતે હાદીયહ તૈયેબીયહ કહે છે, ચાલું કીધું. યમનમાં આ ધાર્મિક મિશન ૫૩૨ હિ. થી ૯૭૪ હિ. (૧૧૩૮ ઈ. - ૧૫૬૭ ઈ.) તક પહેલા ધર્મગુરૂ(દાઈ) સૈયેદના ઝોએબ થી ૨૪ માં ધર્મગુરૂ સૈયેદના યુસૂફ તક ચાલું, જે દૌરાન હિંદ-સિંધ પ્રાંતમાં જેમ જેમ ઝરૂરત પૈશ થાતી ગઈ તેમ તેમ લોકોના ધાર્મિક જ્ઞાન, ક્રિયા અને ઘરેલુ બાબતોની સમઝ આપવા વાલી-મુલ્લાને નક્કી કરવામાં આવતા. જ્યાં જ્યાં ઈસ્માઈલી લોકોની વસ્તી હોય ત્યાં ત્યાં એક જ્ઞાની અને દીનદાર મુલ્લા સાહેબ હોય જે યમનના દાઈ સાહેબના ફરમાનથી ધર્મ-સંસાર ચલાવતા. ગુજરાત અને તેના આસપાસના ઈલાકાઓમાં આ ઈસ્માઈલી જમાઅત, વેપાર અને વહેવારમાં ઉત્તમ અને પ્રગતિશીલ હોવાના લીધે, બોહરા (બેનમૂન કૌમ) ના નામથી પ્રખ્યાત થઈ. તેથી તેઓની ઈસ્માઈલી તૈયેબી બોહરાના નામથી ઓળખાણ થઈ.

એવું પણ બનેલું છે કે, ૯ મી અને ૧૦ મી સદી હિજરીમાં યમનથી, જ્યાં અરબી ઝબાનનું ચલણ હતું, દાઈ સાહેબના ફરમાનથી તેમનું ખાસ પ્રતિનિધિ મંડળ ગુજરાતમાં આવતું અને તેઓ યહાઁના વાલી મુલ્લાંને દાઈ તરફથી અગત્યના સૂચનો આપતા, ધાર્મિક પરિક્ષા લેતાં, મદ્રસાનું નિરિક્ષણ કરતાં, હુશિયાર બચ્ચાંઓને અરબી ઝબાન શિખાવતા અને જો તેઓને લાગતું તો તે બચ્ચાંઓના માઁ-બાપને રાઝી કરીને ઉચ્ચ ધાર્મિક શિક્ષણ આપવા માટે બચ્ચાંઓને યમન પણ લઈ જાતા. આ રીતે યમન, હિંદ અને સિંધના રિશ્તા મઝબૂત થાતા ગયા અને વાણીનું પણ એકબીજામાં મિશ્રણ થાતું ગયું. ગુજરાતી ભાષાના મુખ્ય ઢાંચા હેઠળ નવા-નવા અરબી-ફારસી-ઉર્દૂના શબ્દો ઉમેરાતા ગયા અને લોકોની ઘરગથ્થુ બોલીમાં તે કાયમ માટે વપરાતા થઈ ગયા.

૨૪ ધર્મગુરૂઓ પછી જ્યારે આ ધાર્મિક મિશન-દાઅવતે હાદીયહ તૈયેબીયહની ગાદી ૯૭૫ હિ. માં અહમદાબાદમાં નકલ થઈ અને ૨૫ માં દાઈ સૈયેદના જલાલ ગાદીનશીન થયા, ત્યાર પછી ઈસ્માઈલી તૈયેબી બોહરા જમાઅતમાં અરબી મિશ્રણવાલી ગુજરાતી ઝબાન બોલાતી હતી, તે દાઈ સાહેબની સીધી દોરવણી અને પ્રોત્સાહનના લીધે પ્રચાર અને પ્રગતિના રસ્તે ચાલતી થઈ ગઈ. દાઈ સાહેબના સંદેશા, પત્ર વહેવાર, અંગત જ્ઞાનપ્રાપ્તિ અને અધ્યયન, દરબારીઓ-પૈશ ઈમામ-મુલ્લાં સાહેબો સાથે ધાર્મિક વહેવાર અરબી ભાષામાં થાતા હતા. પણ આમ લોકો સાથેના મામલાત, તઅલ્લુકાત, ફરમાન અને પ્રવચનો અરબી પ્રેરિત ગુજરાતી ભાષામાં થતા હતા, જેને "લિસાનુદ્દાઅવતિલ અલવીયહ" નું નામ પછીથી આવનાર વડોદરાના ધર્મગુરૂઓએ ઈનાયત કીધું.

એટલે કે, "લિસાનુદ્દાઅવતિલ અલવીયહ" (**LDA**) નો સફર ઈજિપ્તથી શુરૂ થયો, તે પછી યમન, પછી અહમદાબાદ તે પછી વડોદરામાં ૩૨ માં ધર્મગુરૂ સૈયેદના ઝિયાઉદ્દીન સાહેબ(૧૧૧૦ હિ. / ૧૬૯૯ ઈ.) થી આજ (બકીયાહ પેજ નં. ૭૫૨)

**માતમ એવો નુસખો છે કે જે દિલની ગુમ્રાહીની બીમારીને દૂર કરે છે.**

(પેજ નં. ૫ નું બાકી)

આ માજરો સાંભલીને તે આબિદ ઝારઝાર રોવા લાગો અને દોઆ કરવા લાગો કે, "અય પરવરદિગારે આલમ, તુંને તમામ નબીયો અને એમની આલે પાકનો વાસ્તો આપું છું કે, મારા જિસ્મને એટલું મોટું કરી દે કે, જહન્નમની કદ બરાબર મોટું થઈ જાય અને બીજા ગુનાહગારોં વાસ્તે જહન્નમમાં કોઈ જગા બાકી રહે નહીં. **તમામ અઝાબ મારા પર નાંખી દે જેના સબબ બીજા લોગો દૌઝખના અઝાબથી બચી જાય.**"

થોડા લમ્હા બાદ મૌ. મૂસા પર ઈરશાદે ઈલાહી થયો કે, "અય મૂસા! મને આ આબિદના ખાશેઆના કલામથી રહેમ અને તૌબાની ખૂશ્બુ આવે છે કે, તેને તે પસંદ નથી કે બીજા લોગોને અઝાબે જહન્નમ મિલે. તેથી મેં તેના વાસ્તે રહેમતના દરવાઝા ખોલી દીધા છે અને તે આબિદ પર દૌઝખની આગને હરામ કરી દીધી છે."

રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) આપની હદીસે શરીફમાં ફરમાવે છે કે, ઈરહમ મન ફિલ અરઝે, યરહમોકા મન ફિસ્સમા, યાઅની કે, જો તું ઝમીન પર રહેનાર લોગો, ખુદાના બંદાઓ પર રહેમત કરશે, ભલું સોચશે, ખૈરીયત ચાહશે તો આસ્માનના બાશિંદા, ખુદાના ફરમાનથી ખુદાના ફરિશ્તા તારા ઉપર રહેમત કરશે. યાઅની કે, દુનિયામાં જો તારા ભાઈ-બહેનો અને દીગર મખ્લૂકાત તારાથી સલામત હશે, તું તેઓનો હમદર્દ બનશે, મદદગાર થાશે તો **આખેરતમાં નૂરાની હસ્તીઓ તારી મદદ પર આવશે અને તુંને અઝાબથી ઉગારી લેશે.**

ખુદાતઆલા કુરઆને કરીમમાં રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) વાસ્તે ફરમાવે છે કે, **ઈન્ના અરસલનાકા રહમતલ લિલ આલમીન,** યાઅની બિલા શક! હમેં તમને ઝમીનો આસ્માનવાલાઓ વાસ્તે રહેમત બનાવીને મોકલા છે. આ રહેમત હર વક્ત મૌજૂદ હોય છે. આજના ઝમાનમાં દાઈએ હક્ક રહેમતના સરચશ્મા છે. મુમેનીન વાસ્તે દાઈએ હક્કની હિદાયત, નસીહત અને દોઆ રહેમતનો જ એક હિસ્સો છે. ખુદાનો શુક્ર અને મુમેનીનની બલંદ-ઈકબાલી છે કે, આજે સાહેબે રહેમત દાઈએ હક્કનું દામન પકડીને, હબલુલ્લાહને હાથમાં લઈને હમ મુમેનીન ખુદા અને તેના રસૂલ તક પહોંચી શકીએ છીએ. ખુદાતઆલા ૪૫ માં દાઈયુલ મુત્લક સૈ. હાતિમ ઝકીયુદ્દીન સાહેબ (ત.ઉ.શ.) નો સાયએ રહેમત મુમેનીનના સરોં પર હમેશા-હમેશા રાખજો. આમીન. ☆

---

(પેજ નં. ૬ નું બાકી)

તક ૪૫ માં ધર્મગુરૂ સૈયેદના હાતિમ ઝકીયુદ્દીન સાહેબ તક ચાલું છે. અહમદાબાદમાં ૨૯ માં દાઈ સૈયેદના અલી સાહેબ ૧૦૪૬ હિ. / ૧૬૩૭ ઈ. માં શહીદ થયા પછી આપના નામ પરથી અલવી બોહરા કોમ્યૂનિટીની પહેચાન છે. આજે તેમની સંખ્યા લગભગ ૮૦૦૦ ની છે. ૩૨ માં ધર્મગુરૂએ અહમદાબાદથી વડોદરા ૧૧૧૦ હિ. માં સ્થાળાંતર (હિજરત) કીધા પછી એક જ જગા પર એટલે કે વડોદરામાં જ અલવી બોહરા જમાઅતનું સેન્ટર છે અને કૌમની હર ફેમિલીનું મકાન વડોદરામાં મૌજૂદ છે. હર ઘરમાં આજે LDA બોલાય છે. મદ્રસામાં ૬ વર્ષ માટે આ માતૃભાષાની તાઅલીમ આપવામાં આવે છે. હર વખત તેને બોલવા પર ભાર મુકવામાં આવે છે. ધર્મગુરૂ લોકો સાથે આ જ ઝબાનમાં વાતચીત કરે છે. ૧૩ વર્ષથી મિશ્કાતુલ હાદી નામનું દ્વિમાસિક કૌમી અખ્બાર આ જ ભાષામાં પ્રકાશિત કરવામાં આવે છે.

જો કે હાલમાં કૌમ માંથી કેટલાક મુંબઈ, ભરૂચ, નવસારી, અંકલેશ્વર તથા લંડન, કેલિફોર્નિયા, અબુધાબી, રિયાદ, શારજાહ, દમામ, મક્કા, ઓસ્ટ્રેલિયા, કેનેડા જેવા સ્થળોએ વસવાટ કરી રહ્યા છે. પરંતુ તેમની ભાષા અને બોલી વ્યવ્હારમાં વપરાય છે એવી શુદ્ધ ગુજરાતી પણ નથી કે હિન્દી, અરબી કે ફારસી પણ નથી. પરંતુ આ તમામ ભાષાનું મિશ્રણ સમી એક આગવી બોલી જેની મુખ્ય લિપિ અરબી છે પણ બોલી ગુજરાતી છે. તેમાં પારસીઓની ભાષા જેવી મિઠાશ તો છે જ ઉપરાંત ગુજરાતીની સમૃધ્ધ શબ્દસંખ્યા ઉપરાંત ફારસી અને ઉર્દુ-અરબીની ભાવચિકતા અને ભાવનાત્મકતા પણ છે.

(બકીયાહ પેજ નં. ૮ પર)

**અકલમંદ વાસ્તે તે લાઈક નથી કે આ ત્રણ ચીઝો સિવાય સફર કરે :**
**૧) રોઝીને હાસિલ કરવા કે જેનાથી એની ઝિંદગી દુરૂસ્ત થાય.**
**૨) આખેરતમાં સવાબો સઆદત મિલે તે કોશિશ કરવા.**
**૩) એની લઝ્ઝત ઉઠાવવા જે હરામના રસ્તાથી ન હોય.**

**માતમ, કાફિરો વાસ્તે તીર-તલવાર છે.**

(પેજ નં. ૭ નું બાકી)

પયગમ્બર મોહંમદ મુસ્તફા (૧૧ હિજરી / ૬૩૨ ઈ.સ.)

અલી મુરતઝા (શીઆ)(૪૦ હિજરી / ૬૬૧ ઈ.સ.)

૫ માં ઈમામ અસ્સાદિક (૧૪૮ હિ. / ૭૬૫ ઈ.)

ઈમામ ઈસ્માઈલ
(શીઆ ઈસ્માઈલીઝ)

મૂસા કાઝિમ
(શીઆ ઈસ્નાઅશરીઝ)

૧૮ માં ઈમામ અલ-મુસ્તનસિર (૪૮૭ હિ. / ૧૦૯૪ ઈ.)

ઈમામ અલ-મુસ્તાઅલી
(મુસ્તાઅલવીઝ)

નિઝાર
(નિઝારીઝ - આગાખાની)

૨૧ માં ઈમામ અત્તૈયેબ (૫૨૮ હિ. / ૧૧૩૪ ઈ.) માં મિસિરથી પડદે થયા.

ઈમામના નાઈબ(દાઈ) નો સિલસિલો યમનમાં ચાલુ (તૈયેબીઝ)

૨૪ દાઈઓ યમનમાં થયા. (૫૩૨ હિ.-૯૭૪ હિ. / ૧૧૩૮ ઈ.-૧૫૬૭ ઈ.)

તે પછી અહમદાબાદમાં

૨૬ માં દાઈ (૯૯૭ હિ. / ૧૫૮૯ ઈ.)

૨૭ માં દાઈ સૈયેદના દાઉદ
(દાઉદી બોહરા)

સુલેમાન
(સુલેમાની બોહરા)

૨૮ માં દાઈ (૧૦૨૧ હિ. / ૧૬૧૨ ઈ.)

૨૯માં દાઈ સૈયેદના અલી
(૧૦૪૬ હિ. / ૧૬૩૭ ઈ.)
(અલવી બોહરા)

તૈયેબજી
(દાઉદી બોહરા)

(બકીયાહ પેજ નં. ૯ પર)

**માતમ, દુનિયાના ગમોંને ભુલાવી દે છે.**

(પેજ નં. ૮ નું બાકી)

અલવી બોહરા પ્રજા મોટેભાગે વેપારી પ્રજા, શાંતિપ્રિય અને મધુરવાણી / મધુરભાષી પ્રજા તરીકે ઓળખાય છે. તેમની ભાષાની મીઠાશ વડે તેઓએ વેપારમાં પોતાની આગવી ઓળખ બનાવી છે. જેમકે વેપારમાં જ્યારે કોઈ ગ્રાહક મોઢું બગાડી ચીજવસ્તુ લેવાની ના પાડે ત્યારે બોહરા વેપારી ભાઈઓ કહેશે, "કંઈ વાત નહી બીજી વાર પણ બેસો તો ખરા, ચા-પાણી શરબત પીઓ, ખરીદી ક્યાં જાય છે? બીજીવાર ખરીદજો." આમ મીઠી વાણીથી ગ્રાહકનું મન મોહી લઈને એકને બદલે બે ગણી ખરીદી કરાવી દેશે.

અગાઉના દોઆતે કિરામ-માનનીય ધર્મગુરૂઓ (રિ.અ.) પોતાની કૌમના લોકો-મુમેનીન વાસ્તે ખાસ ખૂબી, શરફ અને ઈઝઝત બહાલ કરવા વાસ્તે **" લિસાનુદ્દાઅવતિલ અલવીયહ "** (જે અરબી લિપીમાં લખાય છે અને અરબી મિશ્રિત ગુજરાતી ભાષામાં બોલાય છે) ની રચના કીધી. દીને હક્ક-ઈસ્લામના સિદ્ધાંતો, સંસ્કૃતિ અને સંસ્કાર માટે આ એક ખૂબ જ મહત્ત્વનું તત્ત્વ છે. દોઆતે કિરામે અજીબો ગરીબ હિકમતોના માટે આ લિપી અને ભાષા અપનાવેલી છે, સાચવેલી છે, મુમેનીનને બોલતા અને સમઝતા શીખવેલી છે અને નાના બચ્ચાંઓને અપની આ ઝબાન મદ્રસામાં પઢાવીને મુસ્તકબિલમાં તે જીવંત રહે તે માટે પ્રયત્નો કીધેલા છે.

આ બધું તે માટે કે, મુમેનીન અપના દીન, અપની સમઝ અને અપના ઊસૂલ પર સાબિત રહે અને ખુદાના ઔલિયાના લખાણ તથા બયાનથી લાભ લેતા રહે. અપની આ અનોખી અને બેનમૂન ઝબાનથી **" લિસાને અરબીયે મુબીન "** (ઝલકતી-શુદ્ધ અરબી ભાષા) ની બરકત હાસિલ થાતી રહે. આ બરકતનો અસર મુમિનના આચાર-વિચારમાં, સંસ્કાર અને સંસ્કૃતિમાં, ઝિંદગીના દરેક પાસામાં ઉપસી આવે. આથી કરીને દરેક અલવી મુમિનને ઘટે છે કે, પોતાની કૌમની ઝબાન (લિસાનુદ્દાઅવતિલ અલવીયહ) શીખી લે. આજના ઈન્ટરનેટ અને મોબાઈલના વક્તમાં અપની ઝબાનની અસલીયત ખતરામાં છે. ઝબાનની લચક અને શીરીની બીજી ઝબાનોં, જેમકે, ઈંગ્લીશ-હિન્દીના અલ્ફાઝોના અસરથી ખતમ થઈ રહી છે. જવાનો આજે મિલાવટી ઝબાન ટાઈપ કરતા અને બોલતા થઈ ગયા છે. ખૌફ તો એ છે કે, થોડા જ સાલોંમાં લોગો લખતા જ ભુલી જાશે. **કેમકે, વધારે ભાગનો વક્ત આજે લખવામાં નહીં પણ ટાઈપ કરવામાં જાય છે.**

આ હાલમાં કે, ઝબાન પોતાની અસલીયત ખોઈ રહી છે, કૌમના મુમેનીન પર ઝરૂરી બની જાય છે કે, પોતાની ઝબાનને શીખે, બોલે, લખે અને ઘરમાં બીજા ફેમિલી મેમ્બર્સ સાથે અપની ઝબાનમાં જ ગુફતગૂ કરે. અફસોસ અને શરમની વાત તો એ છે કે, જે વક્ત કોઈ જમાઅતના શખ્સને પૂછવામાં આવે કે,

→ તમે કોણ? તો એ કહેશે કે, "હું અલવી બોહરા જમાઅતનો."

→ પછી પૂછવામાં આવે કે, તમારી પહેચાન શું? તો જવાબ આપશે કે, "હમારી પહેચાન હમારા દાઈથી, હમારા મોહલ્લાથી, હમારા તહેવારોથી, હમારા લિબાસથી અને હમારી ઝબાનથી."

→ પછી કહેવામાં આવે કે, દાઈને તો તમેં બરાબર જાણો છો. મોહલ્લો જે બદરી મોહલ્લો છે તે, તહેવારોં જે મસ્જિદોમાં ઈબાદત સાથે ઉજવાય છે તે, લિબાસ-પહેરવેશ જે તમેં શાનથી પહેરો છો તે, પણ ઝબાનનું શું?

→ તો એ શખ્સ પૂછશે કે, તમેં કહેવા શું માંગો છો?

→ પૂછનાર કહેશે કે, અય અલવી ભાઈ! તમારો વેપાર, વહેવાર, આચાર, વિચાર, સંસાર અને તહેવાર બધું જ ખૂબ ઈમ્દા છે, પણ તમારી ઝબાનને પાછલ તમેં બિલકુલ મહેનત કરતા નથી.

પેલા અલવી ભાઈ કહેશે કે, અરે! તમેં ઝબાનના સંદર્ભમાં કહેવા શું ઈચ્છો છો? જવાબ મિલશે કે, **તમારી ઝબાન જે ખૂબ જ સુંદર, સરસ, સરળ, સક્ષમ, સાદી અને સુરીલી છે** તે તમેં ફકત ને ફકત બોલતા જ જાણો છો.

→ તમારા દાઈ-ધર્મગુરૂ જે તમને બોધપાઠ શીખવે છે, તકરીર કરે છે તેમાંથી તમેં થોડું જ સમઝી શકો છો.

છે આ તમારી ભાષા, પણ જો તમને એમ કહેવામાં આવે કે, તમેં તેને લખી બતાવો, તો તમને તો લખતા જ નથી આવડતું.

(બકીયાહ પેજ નં. ૧૨ પર)

**માતમ, ઝહેનને નૂર અતા કરે છે.**

# અહલુઝ ઝિક્ર Application

અલ્લાહતઆલાના ફઝલો અહેસાનથી અને હુઝૂરેઆલી (ત.ઉ.શ.) ની બાબરકત દોઆના સબબ ચંદ મહિના પહેલા દાઅવતે હાદીયહ તરફથી મુમેનીનની ખિદમતમાં અપની જમાઅતનું ખુસૂસી **Mobile Application** "અહલુઝ ઝિક્ર" **Launch** થયું છે. આજના ઝમાનામાં ઈન્સાનની ઝરૂરીયાતની હર એક ચીઝો મોબાઈલ પર આવી ચૂકી છે. મોબાઈલ ફોન ઈન્સાનની ઝિંદગીનો એક અહમ હિસ્સો બની ચૂકો છે. આવા વક્તમાં ઈલ્મ નશર કરવા વાસ્તે, દીની માઅલૂમાત આપવા વાસ્તે અપનું એક **Application** હોવું ઘણું ઝરૂરી હતું.

તમામ મુમેનીન આ અપના **Application** "અહલુઝ ઝિક્ર" ને **Download** કરી લે. હવેથી ઈન્શાઅલ્લાહ દાઅવતે હાદીયહ અને મુમેનીનને દરમિયાન હર ચીઝ વાસ્તે આ **Application** જ એક ઝરીયો અને વાસ્તો બની જાશે.

→ <u>આ **Application** માં શું શું છે?</u>

૧) નમાઝના મુખ્તલિફ વક્તો જાણી શકાય છે.
૨) ફજર, ઝોહર-અસર, મગરિબ-ઈશાઅનો વક્ત થાય કે અપની અઝાન આવે છે.
૩) કોઈ પણ ચીઝ વાસ્તે સાહેબે દાઅવતને આ **Application** ને ઝરીએ અરઝ મોકલી શકાય છે.
૪) અપના ઉર્સો અને કેલેન્ડરના **Events** ના મૌકા પર મુમેનીનને **Remainder** આવે છે. (ખબર પડે છે.)
૫) હર જુમોઆના દિન હુઝૂરેઆલી (ત.ઉ.શ.) ની આવાઝમાં બયાન મુકવામાં આવે છે.
૬) હર તરહની દીની માઅલૂમાત, ફોટોઝ, ઓડિયો અને વિડીયોના ઝરીએ મુમેનીનને આપવામાં આવે છે.
૭) કોઈ પણ જગા પરથી કિબ્લાનું **Direction** ખબર પડી શકે છે.

→ <u>આ **Application** માં **Future** માં શું શું શામિલ કરવામાં આવશે?</u>

૧) મૌલાના આદમ સફીયુલ્લાહ (અ.સ.) થી સૈ. તૈયેબ ઝિયાઉદ્દીન સાહેબ (આ.કુ.) તક અપની **Complete History.**
૨) રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની તમામ હદીસો
૩) મૌલાના અલી (અ.સ.) ની રિવાયતો અને આપના કલામ
૪) અઈમ્મતે તાહેરીન (અ.સ.) ની રિવાયતો
૫) અપના અકીદા મુજબ કુરઆને કરીમની માઅના અને તફસીર (**Translation & Commentary**)

→ <u>કહાઁથી **Download** કરવું?</u>

૧) અગર આપનો ફોન **Android** છે તો **Google Play Store** પરથી **"Ahl uz Zikr" search** કરીને ડાઉનલોડ કરી શકાય છે.
૨) અગર આપનો ફોન **iPhone** છે તો **iTunes Store** પરથી **"Ahl uz Zikr" search** કરીને ડાઉનલોડ કરી શકાય છે.

<u>**નોંધઃ**</u> હવેથી દાઅવતે શરીફહમાં કોઈ પણ રૂહાની ઊમૂર અંજામ આપતા પહેલા મુમેનીનને આ **Application** નો સવાલ કરવામાં આવશે. લેહાઝા, તે પહેલા પોતાના ઘરના મેમ્બરોંમાં જે સ્માર્ટ ફોન ઈસ્તેમાલ કરતા હોય તેને આ **App** ને **Download** કરવાની હિદાયત આપી દેવી. ✫

**પૈમાને શહે કરબો બલા હે સજ્જાદ, બીમાર દિમાગોં કી દવા હે સજ્જાદ,**
**સજદોં કે ગુલૂ પર તો લિખા થા શબ્બીર, સજદોં કી જબીનો પા લિખા હે સજ્જાદ.**
**જિસ્મ દેખો તો નાતવાઁ સજ્જાદ, રૂહ દેખો તો નૌજવાઁ સજ્જાદ,**
**ચાંદ હે ઉસ પા સજદએ શબ્બીર, હે ઈબાદત કા આસમાઁ સજ્જાદ.**

**માતમ એક એવી શમ્અ છે જે રાહે નજાતને રોશની બખ્શે છે.**

# રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.), ખ્વાબ અને દાઈ

યમનની ઝમીન દાઅવતે હાદીયહના ફરૌગ, નશરો ઈશાઅત અને સિબાત વાસ્તે આઅલા અફઝલ રહેલી છે. અંબિયાએ કિરામ હોય યા અઈમ્મતે તાહેરીનનો ઝમાનએ નૂરાની હોય યા દોઆતે ફાતેમીયીનનો સુનેહરો વક્ત હોય. આ તમામ અરસામાં જે જે સાહેબોએ યમની ઝમીનમાં ઈમાનો યકીનના બીજ બોયા તેમ તેમ મુમેનીનની ઈલ્મો અમલની રૌનક-અફરોઝ ફસલ તૈયાર થયેલી છે. તેના સબબ હિંદ-સિંદ તરફ દાઅવતની બરકત રૂનુમા થયેલી છે. જે જગા પર કોઈ કીમતી પત્થર નિકલે અને તેને ખોદવા પર પૂરી ખાન હાથ લાગે તે જગાની કીમત કેવી વધી જાય, તેમ યમન ઈમાનદારોંની ખાન છે. કીમતી પત્થરોં જેમ બેમિસાલ મુમેનીનની જમાઅતનું મરકઝ છે. જેમ લોઅલોઅ-મરજાન બાદશાહના તાજ પર હોય, તેમ મુમેનીન ઈમામુઝઝમાન (અ.સ.) ની નૂરાની હસ્તીમાં સમાયેલા છે. **યાકૂતે અહમરનો પત્થરોંમાં બાદશાહ જેવો મકામ છે, તેમ મુમેનીનનો લોગોમાં છે. યમની ઝમીને બેનમૂન યવાકીત મુમેનીનની શિક્લમાં પૈદા કીધા છે.**

તેમાંથી એક, ચોથી સદી હિજરીના માથા પર યાઅની મૌ. ઈમામ મહેદી (અ.સ.) ના ઝમાનએ મહેમૂદમાં શખ્સે મુખ્લિસ હતા. મરદે મુત્તાકી અને ખુશ સીરત હતા. ખસલતના અને આદતના પાકીઝા હતા. યમનના એક નાના ગામડામાં રહેતા હતા અને ઈબાદતે ખુદામાં હમેશા મશ્ગૂલ રહેતા હતા. એક લમ્હો પણ ઝિક્રે ખુદાવંદીથી ગાફિલ રહેતા ન હતા. સાહેબે ઈઝઝતો એહતેરામ હતા. રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના મોહિબ્બે સાદિક હતા. ઝહે નસીબ એ શખ્સના કે, રસૂલે મકબૂલના વસીલાથી ખુદાની બારગાહમાં એની હર દોઆ કુબૂલ થાતી હતી. રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) નો એ શખ્સ પર અજબ કરમ અને ખુસૂસી ઈનાયત હતી.

આ મુજબની ઈશ્કો તફદ્દીનો સિલો એ શખ્સને એ મુજબ મિલો હતો કે, હર સાલમાં એક મુકર્રર રાતે ખ્વાબમાં એ રસૂલુલ્લાહ બાવાજી સાથે મુલાકાત કરતા અને આપના દીદાર મુબારકથી મુશર્રફ થાતા. ઘણા સાલોં તક મુસલસિલ આ જ મુજબ રહ્યું અને લોગો એ શખ્સને જોઈને રશ્ક અને હસદ કરતા હતા.

ઈત્તેફાક એમ બનો કે, મૌ. ઈમામ મહેદી (અ.સ.) ના દાઈ સૈયેદના અબુલ કાસિમ તે વક્ત યમન તશરીફ લાવા. દાઅવતે હાદીયહ તરફ લોગોને રગબત અપાવવા અને મુમેનીનને ઈમામે હક્કની હકીકત સમઝાવવા, તે ગામડામાં દાખિલ થયા જ્યાં આ મરદે મુત્તકી રહેતા હતા. તે રાતે એ શખ્સના ખ્વાબમાં રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) તશરીફ લાવા અને ફરમાવું કે, "અય શખ્સ! ઉઠો, તમેં કઈ ગફલતની નિંદમાં સુતેલા છો. **જાવ, તમેં જોવ કે, મારા શાહઝાદા, મારી આલે અત્હરના નિશાન, ઈમામે હક્ક મૌ. મહેદીના દાઈ તમારા ગામડામાં આવા છે.** તે મુસાફિર છે, ગરીબુલ વતન છે. મારા દીનની ખિદમત કરવા આવેલા છે. તમારા ઈલાકાથી નામાનૂસ છે. તમેં તમારી નજાત ચાહતા હોવ તો તે દાઈના નઝદીક જાવ, ખિદમત કરો, મદદ-યારી દો. તે દાઈના અહદો મીસાકમાં દાખિલ થઈ જાવ. કેમકે, તે તમને આખેરતમાં મારા તરફ લાવશે. હું તે દાઈના સબબ તમને પહેચાનીશ અને તમારી કુલ ઈબાદતની જઝાનો ઝામિન થઈશ."

એ શખ્સે મુત્તકીએ અરઝ ગુઝારી કે, "અય રસૂલે ખુદા! હું તે દાઈની કહાઁ મુલાકાત કરૂ? હું એમને કહાઁ પર ઢુંઢું? કઈ તરહ એમની પહેચાન મને થાય?" નબી સાહેબે દાઈની ચંદ નિશાનીઓ બતાવી અને કેટલાક ઈલ્મી સવાલો બતાવા. તેના સાથે જવાબોની તશરીહ પણ કીધી. આપે ફરમાવું કે, "તમેં આ સવાલો અને તેના જવાબોને યાદ રાખજો. ભુલજો ના. મારા દાઈની તલાશમાં તમેં તમારા ઘરથી ફલાઁ જગા જઈ ગામડાથી બાહર નિકલજો. ફલાઁ ચીઝ તમને નઝર આવે કે તે રાહ તમેં પકડજો. તમેં ચાલતા જાજો કે, એક પહાડ તમને નઝર આવશે. તે પહાડની ગુફા (કહેફ) માં તમેં દાખિલ થઈ જાજો, વહાઁ તમને મારા દાઈ નઝર આવશે. એના નઝદીક જે સવાલોં મેં તમને શીખાવા તે તમેં એને પૂછજો. એ દાઈ તમને એ જ મુજબ જવાબ આપશે કે જે મિસિલ મેં તમને શીખાવા છે. **જો આમ થાય તો જાણજો કે, એ જ સાહેબ, મારા દાઈ છે, હક્કના ધણી છે.** એમના કદમમાં પડી જાજો. એમના ઉપર ઈમાન લાવજો અને અહદો મીસાકને અરઝ કરજો."

(બકીયાહ પેજ નં. ૧૨ પર)

**માતમથી મુમેનીનના દિયાર આબાદ થાય છે.**

(પેજ નં. ૧૧ નું બાકી)

ખ્વાબનો આ માજરો તમામ થયો, એ શખ્સ બેદાર થયા, ખ્વાબનો નકશો અને હર નબવી કલામ પત્થર પર નક્કાશી મુજબ એના દિલો ઝમીરમાં નકશ થઈ ગયા હતા. એ શખ્સ હુકમે નબવી મુજબ ગામડામાંથી બાહર નિકલા. ખ્વાબમાં બતાવવામાં આવેલી નિશાનીઓ દેખાતી ગઈ, તે આગલ વધતા ગયા, રાહને ઈખ્તિયાર કરતા ગયા. તે શખ્સ પહાડને નઝદીક પહોંચી ગયા અને ગુફાની તરફ જાવા લાગા. ઈત્તેફાક એમ બનો કે, તે વક્ત એક બાદશાહનું મોટું લશ્કર ત્યાંથી ગુઝરતું હતું અને તેઓ અહલે હક્કના દુશ્મનોં માઅલૂમ પડતા હતા. લેહાઝા, દાઈ અબુલ કાસિમ પોતાની ઝાતને છુપાવવા અને જાનના ખૌફના સબબ તે ગુફાનો સહારો લીધો હતો.

ગુફા તક પહોંચતા પહોંચતા તે શખ્સને ખૂબ થાક ચઢો હતો અને એ આહિસ્તગી સાથે તેમાં દાખિલ થયા. થોડા અંદર ગયા કે, એ પોતાની નઝર પર એતેમાદ ન રાખી શકા કે, એક નૂરાની ચહેરાવાલા બુઝુર્ગ સાહેબ એક અંધારા ગોશામાં પોતાના તોશા સાથે બેસા હતા. સફેદ પાઘડી અને હાથમાં લાકડી હતી. એ શખ્સ દાઈ અબુલ કાસિમને નઝદીક ગયા, તસ્લીમાત અરઝ કરીને મિઝાજ-પુરસી કીધી. પોતાના દિલની વાતને યાદ કરતા કરતા તે સવાલાત પણ અરઝ કીધા કે, જે રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ શીખાવા હતા. દાઈ અબુલ કાસિમે હર એક સવાલનો જવાબ એ તરહથી અદા કીધો કે જે મુજબ ખ્વાબમાં ઈરશાદે નબવી હતો. **તે જ વક્ત એ શખ્સે સાહેબે હક્ક, દાઈએ ઈમામે ફાતેમી મૌ. અબુલ કાસિમની દિલી માઅરેફત કીધી, કદમમાં પડી ગયા અને અહદો મીસાક અરઝ કીધો.** દાઈ અબુલ કાસિમના એ શખ્સ યાવર, મુનિસ, મદદગાર, શાગિર્દ, હમનશીન અને ઈતાઅતગુઝાર બની ગયા. હર લમ્હા આપથી ઈલ્મને હાસિલ કરતા રહ્યા અને દાઈ એને ઈમાનના મરતબાઓ ચઢાવતા ગયા. દાઈ સાથે આ શખ્સ દાઅવતે હાદીયહના તમામ ઊમૂર સંભાલતા રહ્યા અને મુમેનીનને રાહે હક્કની હિદાયત દેતા રહ્યા.

આ ખ્વાબ અને તે બાદ દાઈએ ઈમામે હક્ક મૌ. અબુલ કાસિમ સાથેની મુલાકાત, દાઅવતે ફાતેમીયહ હુસૈનીયહની હક્કાનીયત પર દલીલ પૈશ કરે છે. યમન તો શું, પણ હિંદ-સિંદની ઝમીન પર પણ ઈમામે હક્ક તરફથી ઈમાનની શમઅ લઈને હક્કનું નૂર ફેલાવવા દોઆતો પધારેલા છે. પછી તે ૧૪ માં ઈમામ મૌ. મોઈઝ (અ.સ.) ના ઝમાનમાં ૩૬૦ હિ. ને કરીબ સિંદમાં મૌ. જુલ્લમ બિન શયબાન હોય યા ૧૮ માં ઈમામ મૌ. મુસ્તનસિર (અ.સ.) ના ઝમાનમાં ૪૮૦ હિ. ને કરીબ હિંદમાં મૌ. અહમદ હોય. આ તમામ દોઆતોનો મકસદ એક જ હતો. ઈમામુઝઝમાન (અ.સ.) ની માઅરેફત અને લોગોને હિદાયત દેવાનો જ હતો. આ કોશિશે પયહમ ના સબબ હઝારોં મુમેનીન તૈયાર થયા અને પોતાની આખેરત-આકેબતને સુધારી લીધી. કેટલાક દોઆત તો આ કોશિશના સબબ કુફ્ફાર, અહલે શર અને દુશ્મનોંના નિશાના પર આવી ગયા. **હક્કના દીનની ખિદમતમાં પોતાની જાનને ફિદા કરી દીધી. ખુદ મિટી ગયા પણ દીને મૂબીનના નૂરને મિટવા ન દીધું.** અજીબો ગરીબ આ દોઆતની જાઁફિદાઈ અને કુરબાની હતી. સલામુલ્લાહે અલયહિમ મિન દારિસ્સલામ. ✫

---

(પેજ નં. ૯ નું બાકી)

લખેલું વાંચતા નથી આવડતું. તો તમેં ખુદને અલવી કયા લિહાઝથી કહી શકો!!!

પૂછનાર ઉમેરો કરીને કહે છે કે, જો તમેં એક સંજીદા અલવી કૌમના મેમ્બર હોવ તો તમને તમારી ઝબાન શીખવી જ જોઈએ. વાંચતા-લખતા તમને આવડવું જ જોઈએ. આ કઈ તકલીફની વાત થોડી છે. તમારા દાઈ સાહેબને પાસેથી યા મદ્રસાના ઉસ્તાદ સાહેબો પાસેથી તમેં આસાનીથી શીખી શકો છો. તેને શીખવા વાસ્તે કિતાબો હાજર છે. પઢાવવા માટે શિક્ષકો-ઉસ્તાદો હાજર છે. પછી ગફલત કેમ તે સમઝાતું નથી. **અય મારા ભાઈ! તમને તમારી ખુદની ઝબાન આવડશે તો તમેં તમારી ઝાત પર નાઝ-ફખર મહેસૂસ કરશો.** તમને એતેમાદ આવશે કે જે કૌમનો હું છું તેની ઝબાન મને આવડે છે. ઝબાનથી તો ઈન્સાનની પહેચાન છે. ✫

**જિસ્મનું બાકી રહેવું જમનથી છે અને અક્લનું ઝિંદા રહેવું હિકમતથી છે.**
**જે મિસિલ, બગૈર જમન જિસ્મ મરી જાય છે, તેમ બગૈર હિકમત અક્લ બેઆબ થઈ જાય છે.**

**એક જાનિબ તસ્બીહ કરવી અને બીજી જાનિબ માતમ કરવું, એક જ છે.**

## કુદ્સનો કાંઠો

૧૮ માં ફાતેમી ઈમામ મૌલાના મુસ્તનસિર બિલ્લાહ (અ.સ.) ના બાબુલ અબ્વાબ સૈ. અલ-મુઅય્યદ શીરાઝી સાહેબ (રિ.અ.) આપની મજલિસમાં ફરમાવે છે કે, તમામ મખ્લૂકાતમાં ખુદાએ ઈન્સાનને અલફી કામત (ઉભા આકાર) માં કલમ (પેન) મુજબ પૈદા કીધેલો છે. બીજા જીવો કરતા ઈન્સાનના જિસ્મનો ઢાંચો સીધો છે, તેના કદમ નીચે અને સર ઉપર છે. કદમથી ચાલ ચાલે છે પણ, અક્લની ચાલ કદમ કરતા તેઝ છે, તેથી જ તે ઉપર છે. આલમે બાલા, આલમે કુદસ, આલમે નૂર, આલમે અક્લ તરફ સીધો તે ચઢી જાય એવી ગરઝ છે.

જેમ તમામ મખ્લૂકાતમાં (જીવ સૃષ્ટિમાં) ઈન્સાન અશરફ છે, તેમ તમામ ઈન્સાનોના દરમિયાન એક એવા ઈનસાન છે કે, જેની તરફ ખાલિકે મુત્લક, કાદિરે આઅઝમ અને મુદબ્બિરે અકબર અલ્લાહતઆલાની ઈનાયતોં, કરામતો અને નઝરાત હર હમેશા ઉતરતી રહે છે. તમામ ઈન્સાનોના દરમિયાન એ એક ઈન્સાને કામિલ એવા છે કે, જે તમામ કુદૂરતો, નાપાકીઓ, બદીઓ અને ખબાસતોથી પાકો સાફ અને તૈયેબો તાહેર છે. તેથી કરીને તે આશિર (અક્લોમાં દસમા) મુદબ્બિર કે જેના સબબ દુનિયાનો આ કૌનો ફસાદનો આલમ બનેલો છે, તેના તરફથી ફૈઝ કુબૂલ કરે છે. આ ઈન્સાને કામિલ હસનત અને સકીનતની કિન્દીલ છે, જેનું કામ જ એ છે કે લોગોને એના જેવા બનાવીને, એની ઈતાઅતગુઝારીનું ઝેવર પહેરાવીને એને એવી ઝિંદગી અતા કરે કે, આ અલમે કૌનો ફસાદથી ઘણી આઅલા હોય. કોઈ શખ્સ દુનિયાના આ ફિત્ના-ફસાદ, હસદ-હિર્સ, દગા-મકર, ઔલાદ-માલ, રાહત-ચાહત, ખ્વાહેશાત-મનમાની, ઝિયાદતી-ફરાવાની, ફખર-શોહરતથી છૂટી શકતો નથી. મગર આ ઈનસાને પાકીઝા પર ખુદાની એવી નવાઝિશ છે કે, પોતાના ઉપર નાઝિલ થયેલા ફૈઝે આશિરના સબબ એ જેને ચાહે તેને દુનિયાના કૌનો ફસાદ માંથી નિકાલીને રાહે નજાત પર લઈ જાય છે.

રસૂલુલ્લાહ બાવાજી ફરમાવે છે કે, **"તમારા માંથી મારા અહલુલ બૈત (અ.સ.), મૌ. નૂહ નજીયુલ્લાહ (અ.સ.) ની કિશ્તી મુજબ છે. જે આ કિશ્તી (સફીના) પર સવાર થયો તે કુદસના કાંઠે પહોંચી ગયો અને જેએ આ કિશ્તીએ નજાતને છોડી દીધી તે દુનિયાના કૌનો ફસાદમાં ગરક થઈ ગયો, ડૂબી ગયો."** નૂહ નબીએ લોગોને દાઅવત દીધી. સઘલાએ સાંભલું પણ થોડા જ આપની દાઅવતને કુબૂલ કરીને સફીના-કિશ્તી પર સવાર થઈને સફરે નજાત શુરૂ કીધો અને જે વક્ત આખિરી મંઝિલ પર અસ્હાબે સફીના પહોંચા, તો તે મંઝિલની માઅરેફત કપ્ટાને સફીના મૌ. નૂહએ આપના અસ્હાબને કરાવી અને તે હતી **સાહિલે કુદસ-કુદસનો કાંઠો જ્યાં દાઅવતને કુબૂલ કરનાર અસ્હાબની નફસોનો આખિરી પડાવ હોય છે.** અહલુલ બૈત (અ.સ.) ની દાઅવત, આગલા હર નબીની દાઅવત સાથે જોડાયેલી છે. જે લોગોએ આ દાઅવતનો ઈન્કાર કીધો તેઓનો હશર ઘણો બુરો થયો છે. ગુમ્રાહીના દરિયામાં ગરક એવા થયા કે, તેઓ કોઈ સાહિલના હક્કદાર ન થઈ શકા.

રૌઝે અવ્વલથી આ મુજબ હિદાયતનો સિલસિલો જારી છે. તમામ કરતા અવ્વલ, ઈન્સાને કામિલ, ખુદાના સફી, ખુદાના ખલીફા, મૌ. આદમ (અ.સ.) છે. એના પછી કિશ્તીએ નજાતના નાખુદા મૌ. નૂહ, મૌ. ઈબ્રાહીમ, મૌ. મૂસા, મૌ. ઈસા અને આખિરમાં મૌ. મોહંમદુલ મુસ્તફા સલામુલ્લાહે અલયહિમ થયા. તે બાદ આ સિલસિલો આજ તક આલે મોહંમદમાં જારી છે. ઝમાનાના તૂફાન તો ઘણા આવે છે પણ આ કિશ્તી તેની રાહથી હટતી નથી, તેના અસ્હાબને આંચ આવવા દેતી નથી. હર ઝમાનમાં એક ઈમામ હોય છે જે મૌ. આદમના મકામમાં હોય છે. તેમને આદમુઝ્ઝમાન કહે છે. મુમેનીનનો મજમો આ સાહેબ સાથે વાબિસ્તા હોય છે જેને યકીન હોય છે કે, ઝમાનાના આ આદમ (ઈમામે હક્ક) તેમને પોતાના નફસની આખિરી મંઝિલ સાહિલે કુદસ તક પહોંચાવી જ દેશે.

આ સતરના ઝમાનમાં દાઈયુઝ્ઝમાન (ત.ઉ.શ.) ની ઈતાઅતગુઝારી તે ઈમામુઝ્ઝમાન-આદમુઝ્ઝમાન (અ.સ.) ની ઈતાઅતગુઝારી છે. હમારા દાઈ હમને કુદસના કાંઠાની હિદાયત દે છે. હમને કોઈ ફિકર નથી, કેમકે હમારા દાઈ સૈ. હાતિમ ઝકીયુદ્દીન સાહેબ (ત.ઉ.શ.) હમને કુદસની બરકત આપનાર છે અને તે કુદસ હમને હમેશાની ઝિંદગી આપનાર છે.


"વલ આખેરતો ખૈરૂંવ વ અબકા" ✯

**હુસૈનીયોંનો આખિરી અમલ ઈબાદત સાથે માતમ છે.**

## ૩૫ માં દાઈએ મુત્લક સૈયેદના નૂરૂદ્દીન નૂરભાઈ બિન શૈખઅલી (આ.કુ.)

નૂરૂદ્દીં મૌલા કા જિસકો ઈશ્ક હાસિલ હો ગયા,
જીતેજી ગુલઝારે જન્નત મેં વો દાખિલ હો ગયા.
જો ગમેં ફુરકત સે નૂરૂદ્દીં કી બિસ્મિલ હો,
દમ ન ગુઝરા, કુરબે ખાલિક ઉસકો હાસિલ હો ગયા.
જિસને નામે નૂરૂદ્દીં પર ફાતેહા દિલવા દિયા,
લાઅલ કા યાકૂત કા ઉસકો ખઝાના મિલ ગયા.
રાએગાં જાએગી એય દિલ, સબ ખુદા કી બંદગી,
ગર ઈન્હીં કી યાદ સે એક દમ ભી ગાફિલ હો ગયા.
સુન લિયા ઈસ્મે મુબારક જબ કિસીસે હમનશીં,
શૌક મેં સલ્લે અલા પઢના ભી મુશ્કિલ હો ગયા.
આબે ઝમઝમ હાજીયોં ને લાકે જબ મુઝકો દિયા,
કતરા-કતરા આબે કૌસર કા પિયાલા હો ગયા.
મૈંને જબ અપની જબીં રખ્ખી વો કબરે પાક પર,
ક્યા મુકદ્દર મેં યે ઝાકિર કે ઉજાલા હો ગયા. ✯

## ઈલ્તેમાસ



અલ-હાજ્જ ઝૂવ્વાર મરહૂમ **નુરૂલહુસૈન બિન અલ હાજ્જ હુસૈનુદીન અત્તરવાલા / ચશ્માવાલા** ના ઈસાલે સવાબ વાસ્તે આપ સગલાથી ઈલ્તેમાસ છે કે સૂરતુલ ફાતેહા સાથે ત્રણ વક્ત સૂરતુલ ઈખ્લાસની તિલાવત કરી, એમના વાસ્તે દોઆએ મગફેરત કરે.

તારીખે વફાત : ૨૦-૧૧-૧૪૩૭ / ૨૨-૦૮-૨૦૧૬

<u>લી</u>. મરીયમ એમ. વ્હોરા,
શબ્બીરહુસેન એન. અત્તરવાલા / ચશ્માવાલા,
મોહમ્મદઅલી કે. વ્હોરા, મઝહરઅલી એમ. વ્હોરા. ✯

**તમામ મુમિન ભાઈઓ માંથી જેની હાલત પસ્ત હોય તેને હકીર અને પસ્ત ન સમઝો. કેમકે, જે કોઈ મુમિનને પસ્ત સમઝશે એને ખુદાતઆલા ઝલીલ કરશે.**

## અલ-ઈમામુલ મસ્મૂમ મૌ. હસન અલ મુજતબા (અ.સ.)

ઈન્તેખાબે ખાસએ દાવર હસન,
શેહ સવારે દૌશે પયગમ્બર હસન.
આયએ તત્હીર મેં હેં પંજતન,
ફાતેમા અહમદ હુસૈન હયદર હસન.
ઉસ્વએ ખૈરૂલ વરા કા આઈના,
હયદરી શાનાત કા મઝહર હસન.
ફાતેમા કા લખ્તે દિલ લખ્તે જિગર,
નૂરે ચશ્મે સાકીએ કૌસર હસન.
ફાતેમા કી ગોદ કે પાલે હુવે,
દિલરૂબા શબ્બીર તો દિલબર હસન.
સફદરો ગાઝી મુજાહિદ સુલ્હે કુલ,
અમ્નો આલમગીર કા મહેવર હસન.
અલ્લાહ-અલ્લાહ દીને અહમદ કે લિયે,
મુઝતરિબ શબ્બીર હે મુઝતર હસન.
જો ગુનાહગારોં પે ભી થા મહેરબાઁ,
વો કરીમુન્નફસ વો સરવર હસન.
ખુલ્ક જિસકા ખલ્ક મેં મશહૂર હે,
વો સરાપા હુસ્ન કા પૈકર હસન.
ઝહેર સે જિસકા કલેજા કટ ગયા,
જો ઝમર્રૂદ બન ગયા ગૌહર હસન.
મુઝતરિબ હું એક મુદત સે ભી મૈં,
એક નઝર અલ્તાફ કી મુઝ પર હસન. ✯

**ઝાલિમ શખ્સની ત્રણ નિશાનીઓ છે :**
**૧) એના કરતા જે ઉપર હોય તેની નાફરમાની કરીને ઝુલ્મ કરે.**
**૨) એના કરતા જે નીચા હોય તેના સાથે ઝબરદસ્તી કરીને ઝુલ્મ કરે.**
**૩) ઝુલ્મ કરનારલોગોની મદદ કરે.**

**માતમથી ખાકસારી અને ઈન્કેસારી પૈદા થાય છે.**

## " જો કભી ઝૈર ન હોગા વો ઝબર હે અબ્બાસ "

રાહ તકતી હુઈ પ્યાસોં કી નઝર હે અબ્બાસ,
જિસ મેં પાની કી નહીં બુંદ વો ઘર હે અબ્બાસ.
બાપ કી એક દોઆ જિસકા અસર હે અબ્બાસ,
લબ અલી કે હૈં શજર ઔર સમર હે અબ્બાસ.
જિસ મેં ઉઠે ન કદમ ભાઈ કી મરઝી કે ખિલાફ,
જુરઅતે શૈરે ખુદા કા વો સફર હે અબ્બાસ.
કાટ કર હાથ મિટાને કા જો દમ ભરતે થે,
વો તો સબ મિટ ગયે દુનિયા સે મગર હે અબ્બાસ.
કેહ રહી થી યે ઝમાને સે ઝુલફિકાર સુનો,
જો કભી ઝૈર ન હોગા વો ઝબર હે અબ્બાસ.
યે બતા સકતી હે ઝહરાઓ અલી કી આઁખેં,
નૂર ઈસ્મત કા તો ઝૈનબ હે, નઝર હે અબ્બાસ. ✫

## "મોહબ્બત હે અગર કુછ આપકો ઈસ અપની દુખ્તર સે" દર બયાને મૌ. સકીના (અ.સ.)

કહા દરબાર મેં યે બિન્તે શેહ ને શાહ કે સર સે,
તુમ્હેં હમ દેખને કો કૈદખાને મેં બહોત તરસે.
કહા ક્યા હાલ હે અબ આપકા અય સરવરે આલમ,
લહૂ દિનરાત બહેતા હે હમારે દીદએ તર સે.
તમાચેં પર તમાચેં ઉસને હમકો ઈસ કદર મારે,
નહીં આતી હે બાબા નિંદ દમભર શિમ્ર કે ડર સે.
ખુદાને આજ દિખલાયા મુઝે યે આપકા ચહેરા,
કબ આએંગે પિદર મૈં પૂછતી થી રોઝ માદર સે.
યે મેરી પુશ્ત કો દેખો યે મેરી પસલીયાઁ દેખો,
ગિરી હૂં રાહ મેં કિતની જગા મૈં પુશ્તે ઉશતર સે.
મુઝે યે મારતા રહેતા હે નાહક્ક હર ઘડી બાબા,
ખતા ક્યા હે મેરી પૂછો તો યે શિમ્રે સિતમગર સે.
ખડી હૂં હાથ ફેલાયે મેરી ગોદી મેં આ જાઓ,
સરે દરબાર રોઉં તા લિપટ કર આપકે સર સે.
મુઝે પાસ અપને અબ જલ્દી સે બુલવા લીજીયે બાબા,
મોહબ્બત હે અગર કુછ આપકો ઈસ અપની દુખ્તર સે. ✫

**માતમ, ખ્વાહિશે નૌશે આબે કૌસર ઝિંદા રાખે છે.**
**માતમ, ખિદમતે મિલ્લતનો જઝબો તાઝા રાખે છે.**

## તિજારત


**યા અલી મદદ**

" વ્હોરા આલમમાં " ટોપી " નું રાજ, જાણે શોભે મસ્તકે તાજ "

**ભાઈસાહેબ ઈબ્રાહીમ**

**સરનામું :** વાડી બદરી મોહલ્લા નાકા, વડોદરા-૧૭.

**આવી રહેલા ઇબાદતના મહિનાઓની તૈયારી રૂપે અમારે ત્યાં મનપસંદ ડીઝાઇનોમાં દરેક પ્રકારની ટોપીઓ મળશે.**

**સમય : સાંજે ૫ થી ૮ / મો.: ૯૪૨૭૮૪૧૧૨૩**

---

**Unique Collection**
**(All Electronic & LED Products)**
LED T5 Tube Lights / T5 Tube Lights
LED Bulbs / LED Panel Lights
Light/Fan On/Off with Remote Control
Switches Accessories / CFL Lights
Emergency Lights / Emergency Solar Lights
Bluetooth Speakers / Water Fountain Speakers
Extension Boards and other electronic products
Contact :
**Umallawala Mohammadhusain**
Shop No.2, Sai Arpan Complex,
Next to Alpana Talkies, Pratapnagar Road,
Vadodara. **M.: 9998769628**

---

**જૂના અને જાણીતા**
**મીઠનબેન એફ. નવસારીવાલા**
**(ટોપીવાલા)**
**સારી ક્વોલીટીની ટોપીઓ મળશે.**
**સરનામું :** વાડી, બદરી મોહલ્લા,
નુરાની મસ્જીદની બાજુમાં, વડોદરા-૩૯૦ ૦૧૭.
મો.: ૯૦૫૪૫૬૨૦૫૫ / ૭૩૮૩૭૨૮૯૯૪

---

**Required for a C.A Firm**
commerce grad / CA inter with 2-3 years of experience at Dandia Bazar. Should know tally, MS Excel and VAT. Freshers may also apply. Should be able to handle independently all accounts related work upto finalization.
**AKBAR CHASMAWALA & CO.**
**CHARTERED ACCOUNTANTS**
**M.: 9825316402 E-mail : caakbsana@gmail.com**


**ઔલાદ વાસ્તે વાલેદૈનની આઅલા વસીયત માતમે હુસૈની કરવું છે.**

## સાથ-સાથ

આશૂર કી નમાઝ કેયામત કે સાથ-સાથ,
શબ્બીર જા રહેં હૈં ઈબાદત કે સાથ-સાથ.
દેખ, અય યઝીદ! હર જગા નામે હુસૈન હે,
તેરા તો નામ આતા હે લાઅનત કે સાથ-સાથ.
ખંજર ગલે પા લબ પા દોઆ ક્યા કમાલ હે,
સર દે રહેં હૈં શાહ શરાફત કે સાથ-સાથ.
ઝૈનબ, રસૂલ બનકે ગઈ કરબલા સે શામ,
હર સાંસ ચલ રહી થી અમાનત કે સાથ-સાથ.
કાઅબા પુકારા અય અલી અકબર! અઝાન દો,
કાઈમ કરો નમાઝ શહાદત કે સાથ-સાથ.
અસ્ગર કી કબ્ર ખોદ કે કહેતી થી ઝુલફિકાર,
ખિદમત ભી દે દી મુઝકો શુજાઅત કે સાથ-સાથ.
અય શિમ્ર! તું અકેલા નહીં તેરી કૂચ મેં,
શયતાન ચલ રહા હે અદાવત કે સાથ-સાથ.
બયઅત ને માંગા હાથ તો સર શેહને દે દિયા,
હૈદર કે લાઅલ મરતેં હૈં ઈઝ્ઝત કે સાથ-સાથ.
અબ્બાસ તેરે કદમોં મેં નેહરે ફુરાત હે,
પાની ને સર ઝુકાયા મોહબ્બત કે સાથ-સાથ.
પત્થર સે હુર કો શાહ ને પારસ બના દિયા,
ઈન્સાન બન્તા જાતા હે સોહબત કે સાથ-સાથ.
ઝૈનબ, અલી કે ઘરને સિખાયા હે યે સબક,
લાઝિમ હે સબરો શુક્ર મુસીબત કે સાથ-સાથ.
તોંકો રસન સે કહેતે થે આબિદ યે બારહા,
તકલીફ ઝિંદગી મેં હે રાહત કે સાથ-સાથ.✩

**માતમથી ખુદા પોતાના બંદાને સબરો શુક્રના જૌહરથી નવાઝે છે.**

## મુમિનની પાઁચ નિશાનીઓ

તીસરા ફાતેમી ઈમામ મૌ. અલી ઝૈનુલઆબેદીન સૈયેદુસ્સાજેદીના વર્રાકેઈન (અ.સ.) ફરમાવે છે કે, "ખુદાતઆલાએ મુમિનની સીરતમાં દુનિયાના તમામ ખૈરને સમાવી લીધું છે. **ખૈરનું બીજું નામ જ મુમિન છે.** કોઈ એમ ઈરાદો કરે કે, એને ઈન્સાનોંમાં આઅલામાં આઅલા શખ્સને જોવા છે, તો એ મુમિનના ચહેરાને અને એના અમલને જોઈ લે. મખ્લૂકાતમાં બહેતર ખાદિમે સાહેબે હક્ક છે. ખુશનસીબ છે તે બંદો કે, જેને ખુદાએ હમારી ખિદમત અને મોહબ્બત નસીબ કીધી. પાઁચ નિશાનીઓથી હમારા મુમિનની પહેચાન થાય છે :

૧) પોશીદગી અને તન્હાઈમાં પરહૈઝગાર રહેવું.
૨) પૈસાની કમી હોય અને સદકાત અરઝ કરવા.
૩) મુસીબત-આફતથી ઘેરાયેલો હોય મગર સબરનું દામન હાથ માંથી ન છોડવું.
૪) ગુસ્સો આવવાના વક્ત પર ઝબાનને બંધ કરી સમઝદારીથી કામ લેવું.
૫) ખૌફ-ડરના આલમમાં સાચું કહેવું."✩

**અકીદા, અમલ, દોઆ, ફાઝિલ દિન-રાત, રસમ વગૈરા વાસ્તે મુમેનીન " અસ-સહીફતુત તૈયેબીયાહ " ને દેવડી પરથી હાસિલ કરીને ગૌરથી પઢે.**

**નોંધ :** **મિશ્કાતુલ-હાદીના** માતહત શાયેઅ થયેલી મૌલાના અલી (અ.સ.) ના કસીદાઓની, સૈ.ફખરૂદ્દીન સાહબ (ક.રૂ.) ની બૈતોના મજમૂઆની તેમજ અહલુલબૈત (અ.સ.) ના નૌહાઓની અને મરસીયાઓની **CD** મુલ્લાં ઈબ્રાહીમભાઈ (વડોદરામાં) અને મુલ્લાં સિરાજભાઈ (મુંબઈમાં) થી કારેઈન હાસિલ કરી શકે છે. આ ભાઈઓના ફોન નંબર નીચે આપેલા છે.

**સાલાના લવાઝેમાત (Yearly Subscription)**
**₹ ૧૦૦/- (પોસ્ટેજ સાથે)**
મેનેજર :- **મુલ્લાં ઇબ્રાહીમ ટી. બરોડાવાલા**
નાઝ બોક્ષના ઘરને બાજુમાં, બદરી મોહલ્લા,
વાડી, વડોદરા - ૩૯૦ ૦૧૭. ફોન : ૯૯૦૪૨૨૧૦૯૦.
મુંબઈમાં લવાઝમ લેનાર :- **મુલ્લાં સિરાજઅલી અત્તરવાલા**
(નફીસ, મુંબઈ) ફોન : ૯૯૩૦૩૨૧૪૪૦. ★